ગુજરાત સરકાર

નર્મદા, જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

સચિવાલય, ગાંધીનગર

તારીખ:૨૭-૦૫-૨૦૧૯

**અધિસૂચના ક્રમાંક: એસએલઈ/૧૦૨૦૧૯/૧/ઈ-૨**

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળ રાજકોટ સિંચાઈ વર્તુળ, રાજકોટ હેઠળ ફરજ બજાવતા શ્રી હસમુખ પોપટલાલ ઝાંખરીયા, અધિક મદદનીશ ઈજનેર(સીવીલ)ને નાયબ કાર્યપાલક ઇજનેર(સીવીલ), વર્ગ-૨ તરીકે આર.ઓ.પી-૨૦૧૬ મુજબ લેવલ-૯માં લઘુતમ પગાર રૂ.૫૩,૧૦૦ અને મહત્તમ પગાર રૂ.૧,૬૭,૮૦૦માં તેઓના જુનિયર શ્રી ગોવિંદભાઈ જેરામભાઈ શ્યારાની બઢતીથી હાજર થયા તારીખ ૭-૮-૨૦૧૮ને "સંભાવ્ય તારીખ" તરીકે ગણી નીચેની શરતોને આધીન બઢતી આપી રાજકોટ સિંચાઈ વર્તુળ, રાજકોટ ખાતે નાયબ કાર્યપાલક ઈજનેર(સી)ની ખાલી જગ્યા પર નિયુક્તિ આપવામાં આવે છે.

**શરતો:**

(૧) આ હંગામી બઢતી નામદાર સુપ્રિમ કોર્ટ/ગુજરાત વડી અદાલતમાં પડતર ખાસ દિવાની અરજીઓ તેમજ અન્ય અદાલતોમાં પડતર કોઇપણ દિવાની અરજીઓમાં નામદાર સુપ્રિમ કોર્ટ, ગુજરાત વડી અદાલત તેમજ અન્ય અદાલતોના ચુકાદાઓને આધિન રહેશે.

(૨) રોસ્ટર અનુસાર નાયબ કાર્યપાલક ઇજનેર(સીવીલ) સંવર્ગમાં અનુસુચિત જનજાતિ / અનુસુચિત જાતિની જગ્યાઓની ઘટ અન્વયે પ્રસ્તુત જગ્યાના ભરતી નિયમોના રેશીયો અનુસાર ભવિષ્યમાં અનુસુચિત જનજાતિ/અનુસુચિત જાતિના અધિકારીઓ ઉપલબ્ધ થયેથી બઢતીવાળા ઉકત અધિકારીને તેમની મૂળ જગ્યા પર પરત હટાવવાની શરતે બઢતી આપવામાં આવે છે.

(૩) **શ્રી એચ. પી. ઝાંખરીયાને તા.૭-૮-૨૦૧૮(સંભાવ્ય તારીખ)થી ના.કા.ઈ.(સી) સંવર્ગમાં ખરેખર હવાલો સંભાળ્યા તારીખ સુધીનો સમયગાળો નાયબ કાર્યપાલક ઇજનેર(સીવીલ)ના પગાર ધોરણમાં નોશનલ ગણવાનો રહેશે અને તે સમયગાળાનુ કોઇ એરીયર્સ મળવાપાત્ર થશે નહિ તથા શ્રી ઝાંખરીયાએ નાયબ કાર્યપાલક ઇજનેર(સી) સંવર્ગની જગ્યાનો હવાલો સંભાળ્યા તારીખથી ખરેખર પગાર મળવાપાત્ર થશે.**

(૪) શ્રી ઝાંખરીયાએ નિમણૂકની જગ્યાએ તાત્કાલિક હાજર થવાનુ રહેશે. જો નિયત સમય મર્યાદામાં હાજર નહીં થાય તો તેમના બઢતીનો હુકમ આપોઆપ રદ થયેલ ગણવામાં આવશે, તેમજ તેઓ બઢતી મેળવવા ઇચ્છતા નથી તેમ માનીને તેઓને મળેલ ઉચ્ચત્તર પગાર ધોરણ પાછુ ખેંચવા સબંધમાં

કાર્યવાહી કરવામાં આવશે. તેમજ તેઓ નિયત સમય મર્યાદા પછી બઢતીની જગ્યાએ હાજર થશે તો બઢતીના સંવર્ગમાં પ્રવરતા ગુમાવશે.

(૫) શ્રી ઝાંખરીયાને બઢતીની જગ્યાએ હાજર થવા તાત્કાલિક ફરજમુકત કરવાના રહેશે અને તેઓને છૂટા કર્યાની તથા તેઓની વિગતવાર નિમણૂકનો હુકમ કરી તેઓને હાજર કર્યાની જાણ તુરત જ વિભાગને કરવાની રહેશે. તેમજ ઉકત બાબતે તાત્કાલિક કાર્યવાહી કરવામાં નહીં આવે તો તે બાબતે સંપૂર્ણ જવાબદારી સબંધિત કચેરીના વડાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એલ. જી. મહીડા )
સરકારના નાયબ સચિવ
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

---

ક્રમાંક: એસએલઈ/૧૦૨૦૧૯/૧/ઈ-૨

ગુજરાત સરકાર
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને
કલ્પસર વિભાગ,સચિવાલય, ગાંધીનગર
તારીખ:૨૭-૦૫-૨૦૧૯

પ્રતિ

- માન. રાજયકક્ષાના મંત્રીશ્રી(જ.સં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (નર્મદા)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ. અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(જ.સ)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ. અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ખાસ સચિવશ્રી(જ.સં)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ. અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેરસેવા આયોગ, ગાંધીનગર(પત્ર દ્વારા)
- મુખ્ય ઇજનેર(સૌ.) અને અધિક સચિવશ્રી, ન.જ.સં.પા.પુ. અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક્ષક ઈજનેરશ્રી, રાજકોટ સિંચાઈ વર્તુળ, રાજકોટ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, રાજકોટ
- શ્રી હસમુખ પોપટલાલ ઝાંખરીયા, અ.મ.ઈ.(સી) મારફતઃ અધિક્ષક ઇજનેરશ્રી, રાજકોટ સિંચાઈ વર્તુળ, રાજકોટ.

- સેકશન અધિકારીશ્રી, ઇ, ઇ-૩, ઇ-૪, ઇ-૪.સેલ, ઇ-૫, ઇ-૬ અને ગ-૨ શાખા, ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, HRMS cell, બ્લોક નં-૧, ૮ મો માળ સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારીશ્રી પસંદગી ફાઇલ /પસંદગી ફાઇલ.

(એચ. ટી. ગોહેલ)
સેકશન અધિકારી
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ